# દલિતોના ઉત્થાન માટે ડૉ.આંબેડકરનું પ્રદાન

ડૉ.દીપિકાબહેન રાઠોડ
એસો.પ્રોફેસર,
એસ.એમ.એન.કે.દલાલ
એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬

## ૧. પ્રાસ્તાવિક

ભારતના અખંડિતતાના ઉધ્ધારક અને સંગઠિત સમાજ રચનાના સ્થા એવા બાબાસાહેબ આંબેડકરે દલિતોના ઉત્થાન માટે પોતાનું સમગ્રજીવન ન્યોછાવર કરી દીધેલું. તે સમયે સમાજ ચાર વર્ણવ્યવસ્થામાં ભેંચાયેલો હતો. વૈશ્ય, બ્રાહ્મણ, ક્ષત્રિય અને શુદ્ર. શુદ્ર ગણાતો સમાજ એટલે અસ્પૃશ્ય. અને આ અસ્પૃશ્ય સમાજને માનવતાના હકથી વંચિત રાખવામાં અન્ય સમાજનો ફાળો હતો. સમગ્ર સમાજ માટે અસ્પૃશ્યતા મોટું કલંક હતું આ કલંક દૂર કરવા આંબેડકરે જીવનભર અથાગ પ્રયત્નો કર્યા હતા. આમ તો તેઓ એક તેજસ્વી વકીલ, વિદ્વાન, લેખક અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવામાં ક્યારેય ખચકાય નહીં તેવા એક સ્પષ્ટવક્તા બૌધ્ધિક તરીકે તેમણે નામના મેળવી હતી. તેઓ ભારતીય બંધારણની રચના માટેની ડ્રાફ્ટીંગ કમિટીના અધ્યક્ષ હતા. આજે પણ આપણે તેમને દેશના બંધારણની રચનાનું વિરાટ કાર્ય બદલ યાદ કરીએ છીએ. પાછળથી તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ કાયદામંત્રી તરીકે પણ સેવાઓ આપી હતી.

બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે સ્વામી સચ્ચિદાનંદજીના પ્રવચનનું સંકલન કરવામાં આવ્યું છે જે નીચે મુજબ છે.

ડો. બાબાસાહેબ આંબેડકર પાસે કંઇ શીખવું હોય તો એ કે તમને જે જ્ઞાતિનું બેકગ્રાઉન્ડ મળ્યું હોય તેની તમે ઘણાના કરશો. ગામડે ગામડે ફરી માણસોમાં અસ્મિતા અને સ્વાભિમાન જગાવેલું, સદીઓનું અંધારું ઊલેચ્યું, અન્યાય સામે પડકાર ફેંક્યો અને પડકારની સાથે સમન્વય, મૈત્રીનો હાથ લંબાવ્યો. એમના ચહેરા પર કદી કડવાશ ન હતી. તેમની બૌધ્ધ ધર્મની શ્રદ્ધા હતી પણ નાસ્તિકતા ન હતી.

ડો.બાબાસાહેબ આંબેડકરને મતે સમાજનું દર્શન ત્રણ શબ્દોમાં સમાયેલું હતું. સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા. આ ત્રણ બાબત દેશને અખંડિત અને સમાજને સુરક્ષિત રાખવાના ત્રણ મહાસૂત્રો છે અને જો દેશને સુરક્ષિત રાખવો હોય તો દરેક સમાજને સમાન હક મળવા જોઈએ, અને માનવતાભર્યું વર્તન કરવું જોઈએ. ભારતની અસ્પૃશ્ય સમાજ સાથે હીણભર્યું વર્તન થઇ રહ્યું હતું. તે માટે તેમને સમાન અધિકાર મળે તે માટે આંબેડકરે જીવનભર તપશ્ચર્યા કરી છે. તેમણે કેટલાયે સંઘર્ષો વેઠીને અસ્પૃશ્ય સમાજને મંદિર પ્રવેશ કરાવ્યો, જળાશયોમાંથી પાણી ભરવા કે પીવા પરનો પ્રતિબંધ દૂર કરાવ્યો, મિલ કામદારની હડતાલોનો વિરોધ કર્યો, અસ્પૃશ્યોને ચૂંટણીમાં પ્રતિનિધિત્વ કરવાનો અધિકાર અપાવ્યો,તેમજ તેઓમાં શિક્ષણનો પ્રસાર – પ્રચાર થાય તે હેતુથી સામયિકો પ્રદાન કર્યા તેમજ દલિત સંગઠન રચ્યા આંબેડકરે કરેલ. અસ્પૃશ્યો માટેના કાર્યોની ઝાંખી નીચે પ્રમાણે કરવામાં આવી છે.

## ૨. ભારતમાં દલિતોની સ્થિતિ પર એક દ્રષ્ટિપાત

ભારતના હિન્દુ સમાજની અસ્પૃશ્ય ગણાતી દલિતજાતિ ભારતના આઝાદીના વર્ષો વીતવા છતાં, આજે પણ આઝાદ નથી થઇ શકી. આજે પણ નાના ગામડાઓમાં અને કસબાઓમાં આ પરિસ્થિતિ છે. ઉજળિયાત હિન્દુ સમાજ, કંઇ કેટલીય સદીઓથી આ પદદલિત જાતિઓ પ્રત્યે ધૃણાની નજરથી જોતા હતા. ૧૯૫૦ માં અસ્તિત્વમાં આવેલા ભારતીય બંધારણે અસ્પૃશ્યતાના નામ પર ચોકડી મારી. એ પહેલાં અસ્પૃશ્ય સમાજને ત્રણ વિભાગોમાં વહેંચી નાખવામાં આવ્યો હતોઃ એક વર્ગ અસ્પૃશ્ય હતો, બીજો વર્ગ બહિષ્કૃત હતો, તો ત્રીજો વર્ગ સાવ અદ્રષ્ટ હતો. બીજી રીતે કહીએ તો અસ્પૃશ્યને સ્પર્શનો બાધ હતો. બહિષ્કૃત સાથે કોઇ પણ પ્રકારની સામાજિક આંતરક્રિયા પર નિષેધ હતો. તો, અદ્રષ્ટની સામે જોવા પર પણ નિષેધ હતો! આવા અસ્પૃશ્ય-સમાજના માનવોની સંખ્યા ત્રીસ કરોડ હિન્દુઓમાંથી લગભગ છ કરોડ જેટલી સંખ્યા થતી. એટલે કે ૨૦ ટકા જેટલું હિન્દુસ્તાન અસ્પૃશ્ય હતું. ટૂંકમાં કહેવું હોય તો એમ પણ કહી શકાય દરેક પાંચમો હિન્દુ પુરુષ, સ્ત્રી કે બાળક અસ્પૃશ્ય હતો. દેશના જુદા જુદા પ્રદેશોમાં વસતા અસ્પૃશ્યોને જુદાં જુદાં નામો આપવામાં આવ્યા હતાં. તેઓ કાં તો બહિષ્કૃત અથવા તો અસ્પૃશ્ય, પરિયા, પંચમા, અતિશુદ્ર, અવર્ણ, અત્યંજ, કે નામશુદ્ર તરીકે ઓળખાતા. તેમની સામાજિક સમસ્યાઓ તીવ્ર કે ઢગલાબંધ હતી. એમનો સ્પર્શ, પડછાયો કે અવાજ પણ ચુસ્ત હિન્દુઓની નજરમાં પ્રદૂષણકારી હતો. આથી જો માર્ગમાં કોઇ ચુસ્ત હિન્દુ સામે આવતો હોય તો તેમણે રાહ બદલીને તેમને માટે માર્ગ કરી આપવો પડતો. કેટલાંક પાલતુ પ્રાણીઓ રાખવાનો અને અમુક ધાતુઓ અને ઘરેણા પહેરવાનો એમના પર પ્રતિબંધ હતો. એમને અમુક ચોક્કસ પ્રકારના વસ્ત્રો પહેરીને, અમુક ચોક્કસ પ્રકારનો ખોરાક આરોગીને, અમુક ચોક્કસ પ્રકારના પગરખાં પહેરીને ચલાવી પડતું, એટલું જ નહી, ગામની સીમની બહાર ગંદી, અંધારી અને આરોગ્ય માટે હાનિકારક હોય એવી વસાહતોમાં જ રહેવાની ફરજ પાડવામાં આવતી. એટલું જ નહીં સાર્વજનિક કૂવાઓનો ઉપયોગ કરવાનો તેમને માટે નિષેધ હતો, જ્યાંથી પણ મળે ત્યાંથી ગંદુ પાણી મેળવીને પીવાનું લખાયું હતું. તેઓ હિન્દુ હોવા છતાં હિન્દુ મંદિરોના દ્વાર તેમના માટે બંધ હતા. આમ આ અસ્પૃશ્યો તરફ ચુસ્ત હિન્દુઓનું વલણ માનવતાની દ્રષ્ટિએ ઉતરતું અને પશુથીય બદતર હતું.

## ૩. દલિતોના ઉત્થાનમાં સમાજસુધારકોની ભૂમિકા

ભારતના અનેક સપૂતોએ પેઢી દર પેઢી હિન્દુ સમાજને આ અનિષ્ટોમાંથી ઉગારવાનો પ્રયાસ કર્યો છે, કારણ કે આ પધ્ધતિએ હિન્દુ સમાજને હલકો પાડ્યો છે, છિન્નભિન્ન કર્યો છે. ઈસુના જન્મનાં પાંચસો વર્ષ પહેલાં રાજકૂળમાંથી આવેલા જ્ઞાની અને શકિતશાળી એવા ભગવાન બુદ્ધે ઠીક ઠીક સમય સુધી આ અવસ્થાના પાયા હચમચાવ્યા હતાં એટલું જ નહી, અસ્પૃશ્યોને એમના ધર્મની ધજા હેઠળ હ્રદયપૂર્વક આવકાર્યા. તેમજ અગિયારમી સદીમા રામાનુજે પોતે સ્થાપેલાં મંદિરોનાં દ્વાર, અસ્પૃશ્યો માટે ખોલી નાંખ્યાં. એ પછીના સૈકામાં ચક્રધર, રામાનંદ, કબીર, ચૈતન્ય, એકનાથ, તુકારામ, રોહીદાસ, ચોખામેળા જેવા સંતો ભકિતમાર્ગમાં સમાનતા આણવાના પ્રયાસોમાં કેટલેક અંશે સફળ થયા હતાં. એ પછી રાજારામમોહન રાય, મહાત્મા ફૂલે, સયાજીરાવ ગાયકવાડ, સ્વામી દયાનંદ સરસ્વતી, કર્નલ આલ્કોટે પણ અસ્પૃશ્યતાનો પ્રચંડ વિરોધ કરેલ.

## ૪. ખ્રિસ્તી મિશનરીની ભૂમિકા

બ્રિટીસશાસનકાળ દરમિયાન ખ્રિસ્તી મિશનરીઓએ આ પરિસ્થિતિનો પૂરેપૂરો લાભ ઉઠાવ્યો. તેમણે નબળા વર્ગોની સાથે અસ્પૃશ્યોને પણ શિક્ષણ આપવાનું કામ ઉપાડી લીધું. અલબત્ત, તેમણે પોતાના હેતુઓને ધ્યાનમાં રાખીને જ શિક્ષણનો પ્રસાર કરવા માંડ્યો હતો. એમના આવા સિફતપૂર્વકના કાર્યક્રમોથી, માયાળુ વર્તાવથી અને હંમેશ મદદરૂપ

થવાની તૈયારીથી, તેઓ નબળા વર્ગો તથા અસ્પૃશ્યોમાં ઓળઘોળ થવાં લાગ્યા. એટલી હદ સુધી કે આ વર્ગોમાં પ્રબળ લાગણી પેદા થવા લાગી કે આ વિદેશીઓ, બ્રાહ્મણો કરતા સારા છે.

## ૫. આંબેડકરના જન્મ પહેલાંની દલિતોની સ્થિતિ

આવા પ્રચંડ વિરોધ છતાં પણ અસ્પૃશ્યોને શિક્ષણનો પ્રશ્ન, અવારનવાર નવા શાસકો સમક્ષ માથું ઉચકતો રહેતો. ઈ.સ.૧૮૫૬ના એક બનાવથી એ પ્રશ્ન સપાટી પર ઉપસી આવ્યો. ધારવાર ખાતેની એક સરકારી શાળાના વડાએ એક અસ્પૃશ્ય બાળકને પ્રવેશ આપવા ઈન્કાર કરી દીધો. આ પ્રશ્ન મુંબઈ સરકાર સમક્ષ વિચારણા માટે આવ્યો. આખરે ઈ.સ. ૧૮૫૮માં સરકારે એવું જાહેર કર્યું કે "નાત કે જાતને કારણે કોઈપણ વર્ગની કોઈ પણ વ્યકિતને સરકારની આંશિક મદદથી ચાલતી સંસ્થા દ્વારા શિક્ષણના લાભથી વંચિત રાખવામાં આવશે તો, સરકાર એવી સંસ્થાને સહાય આપવાનો ઈન્કાર કરવાનો પોતાનો અધિકાર અબાધિત રાખે છે." અને એ પણ કહ્યું કે સંપૂર્ણ સરકારી ખર્ચથી ચાલતી શાળાઓ તમામ જાતિ માટે કોઈ પણ જાતના ભેદભાવ વિના ખુલ્લી રહેશે. પરંતુ લાંબા સમય સુધી સવર્ણ હિન્દુ માનસને રોકવામાં આવી જાહેરાત અસરકારક પુરવાર થઈ શકી નહીં.

મહારાષ્ટ્રના રાજકીય અને સામાજિક ક્ષેત્રના પ્રશ્નો કંઈ ઓછા મુશ્કેલ કે ઓછા દ્વિધાજનક ન હતા. ઈ.સ. ૧૮૯૦ના દાયકાએ મહારાષ્ટ્રમાં નવયુગના મંડાણ થયા. આ ગાળામાં સશક્ત અને શક્તિશાળી પ્રતિભાઓએ ઘેરી અસર જન્માવી. આ દિવસો સામાજિક સુધારાઓ અને પ્રચંડ રાજકીય ચળવળોના હતા. રાજકીય પછાતપણા ઉપરાંત જાતિપ્રથા, અસ્પૃશ્યતા, બાળલગ્ન તથા વિધવા વિવાહ મુખ્ય હતા. રાજકીય સુધારાઓ કરતાં સામાજિક સુધારાઓને અગ્રતાક્રમ મળવો જોઈએ કે નહીં તે વિવાદમાં અત્યંત શક્તિશાળી, ઉમદા અને દ્રષ્ટિવંત, હિંમતવાન, સત્તાધારી વિદ્વાન પુરુષો આમને સામને આવી ગયા. જેમાં રાનડે, ટિળક અને ડૉ.ભાંડારકર મોખરે હતા. ડો. ભીમરાવ રામજી આંબેડકરના જન્મની પૂર્વસંધ્યાએ મહારાષ્ટ્ર અને ભારતની વૈચારિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિનું ચિત્ર કંઈક આવું હતું.

## ૬. આંબેડકરે સહન કરેલાં અપમાનો

૧૪ એપ્રિલ ૧૮૯૧માં જન્મેલ આ મહામાનવને બાળપણથી અસ્પૃશ્યતાના કડવા ઝેર કંઈ કેટલીયવાર પીવા પડેલા. ભીમે સતારામાં જ રહીને મોટાભાઈની સાથે સાથે પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને માધ્યમિક શિક્ષણ શરૂ કર્યું. આ દિવસોમાં જ એમને અસ્પૃશ્યતાનો વાસ્તવિક અર્થ શું થાય છે એની ધીમે ધીમે પરંતુ નક્કર સમજ પ્રાપ્ત થઈ હતી. ગ્રીષ્મની ચઢતી સવારે એ એના મોટાભાઈ તથા નાનકડા ભત્રીજા સાથે પિતાને મળવા ગોરેગાંવ જવા ઉપડ્યા. એ વખતે તેમના પિતા ગોરેગાંવમાં કેશિયર તરીકે નોકરી કરતા હતા. પિતાને એમનો પત્ર સમયસર મળ્યો નહતો, તેથી પિતા સ્ટેશન સુધી લેવાં આવી શક્યા ન હતા. કલાકો સુધી રાહ જોઈને થાક્યા પછી તેઓ માંડમાંડ ત્યાંના સ્ટેશન માસ્તરને સમજાવીને ગોરેગાંવ જવા માટે બળદગાડું મેળવી શક્યા. એ સ્ટેશન માસ્તર સવર્ણ હિન્દુ હતા.

ગાડું માંડ થોડેક દૂર પહોંચ્યું હશે ત્યાં તો પેલા ધર્મભીરૂ ગાડાવાળાને ખબર પડી કે સાફસૂથરાં વસ્ત્રોમાં સજ્જ બાળકો તો અસ્પૃશ્ય છે! એણે આવેશમાં આવીને જેમ કોઈ રસ્તા વચ્ચે કચરાપેટી ઊંધી વાળે તેમ ગાડામાંથી આ બાળકોને ફેંકી દીધા. એને એમ લાગ્યું કે એનું લાકડાનું ગાડું ભ્રષ્ટ થઈ ગયું. એના પાલતું પ્રાણીઓ અપવિત્ર થઈ ગયા. ભીમના નાજુક અને ઉગતા માનસે કદાચ આ સૌ પ્રથમ ઘાતકી આંચકો અનુભવ્યો હતો. એ દિવસે એવો અહેસાસ થયો કે એ એવા અસ્પૃશ્ય કુટુંબમાંથી આવે છે કે જેના નસીબમા પીવા માટે ગંદુ પાણી અને ખાવા માટે ગંદી ચીજો જ લખાયેલી છે. સ્કૂલમાં શિક્ષક, તેમની નોટબુક તપાસતા કે અડતાં નહી. સ્કૂલમાં જ્યારે તરસ લાગે ત્યારે તેમણે મોં ઉચું કરવું પડતું જ્યારે ગળણીમાંથી ગાળીને પાણી આપતું હોય તેમ અધ્ધરથી એમના મોંમા પાણી રેડવાની મહેરબાની કરે. એક દિવસ

વર્ગશિક્ષકે ભીમને બ્લેકબોર્ડ પર દાખલો ગણી આપવા કહ્યુ. અચાનક જ આખાય વર્ગમાં ઉહાપોહ મચી ગયો. સવર્ણ હિન્દુઓના છોકરાઓના નાસ્તાના ડબ્બા બ્લેકબોર્ડની પાછળ રાખવામાં આવતા હતા. એમને એમ લાગ્યું કે ભીમ બ્લેકબોર્ડની નજીક જશે તો એમનું ખાવાનું ભ્રષ્ટ થઇ જશે. આથી એ સૌ એક પછી એક બ્લેકબોર્ડ તરફ દોડીને ભીમ બ્લેકબોર્ડને સ્પર્શે તે પહેલાં પોતાના નાસ્તાના ડબ્બા વેગળા મૂકી દીધા. એક શિક્ષકે તો પોતાની સાંસ્કૃતિક ફરજ બજાવતા હોય તેમ ભીમને સલાહ પણ આપી કે, "તું શિક્ષણ લેવાનો અધિકારી નથી." હાઇસ્કૂલના સમય દરમ્યાન ભીમ અને તેમના મોટાભાઇ બન્નેને બીજી ભાષા સંસ્કૃત ભણવા દેવામાં આવી ન હતી, કારણકે સંસ્કૃત ભાષા વેદાભ્યાસની ચાવી હતી. પરંતુ શુદ્રો કે અતિશુદ્રો માટે તો વેદ ભણવા કે સાંભળવા પર પાબંદી હતી. હિન્દુત્વના રખેવાળ દ્વારા આ એક ઔર ઝેરની ગોળી બન્ને હિન્દુ બાળકોને ગળેથી અનિચ્છાએ ઉતારવામાં આવી. આવા તો કેટકેટલાય અપમાનના ઘૂંટડા ભીમને પીવા પડેલાં. આંબેડકરનો દલિતોના ઉધ્ધાર માટે નિર્ધાર અને ઉપાયોઃ કર્ણિક અને ખુમાણ (૧૯૯૩)ના અનુવાદિત પુસ્તક 'ડૉ.આંબેડકરઃજીવન અને કાર્ય'માં તેઓના સમગ્ર જીવનનો ચિતાર રજૂ કર્યો છે. એ પુસ્તકના આધારે આંબેડકરના દલિતોના ઉધ્ધાર માટેના કાર્યોને નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય.

**૭. દલિત સંગઠન રચના**

ભીમરાવ અસ્પૃશ્યોના ઉધ્ધાર માટે કામ કરવાને જ તેઓનું જીવનધ્યેય બનાવી દીધું. તે લોકોને તક અને સાધન મળી રહે તે માટે તેઓએ વકીલાત કરી. તેમણે અસ્પૃશ્યોના ઉત્કર્ષ માટે ૨૦ જૂલાઇ ૧૯૨૪માં "બહિષ્કૃત હિતકારિણી સભા" સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થાના હેતુઓ અને ઉદ્દેશ આ પ્રમાણે હતા. બહિષ્કૃત સમાજમાં શિક્ષણનો પ્રસાર કરવો અને ,સ્વાધ્યાય મંડળો ખોલવા,લગ્ન જેવી વિધિમાં બધાએ સાથે જમવું. ઉપરાંત વાંચનાલય ખોલવા, ઔદ્યોગિક તેમજ કૃષિવિષયક શાળાઓ ખોલવી, તેમની ફરિયાદો રજૂ કરવી એનો પણ સમાવેશ કર્યો. આ સમિતિના પ્રમુખ બાબા સાહેબ પોતે હતા. બહિષ્કૃત હિતકારિણી સભાનું પ્રથમ અધિવેશન નિરાશાજનક રહ્યું તેમ છતાં હતાશ નહીં થતાં આંબેડકર નાના ગામડાં તથા નગરોમાં જઇને દલિતોને તીખો તમતમતો ઉપદેશ આપતાં. તેઓ અસ્પૃશ્યોના સ્વાભિમાનને છંછેડીને, તેમનાં મૃતપાય મનને જાગ્રત કરીને તેમના સ્વાભિમાન અને સ્વાવલંબનને નવજીવન આપતાં. તેઓ કહેતા, "તમારા આ લાચાર મોં જોઇને અને કરુણાજનક વાણી સાંભળીને મારું હ્રદય ફાટી પડે છે. જુગજુગથી તમે ગુલામગીરીના ખાડામાં સબળતા, સડતા પડી રહ્યા છો. તેમ છતાં આ તમારી દુર્દશા ભાગ્ય નિર્મિત છે, ઇશ્વરી સંકેત અનુસાર છે તેમ કહેતા તમને શરમ નથી આવતી. તમે ગર્ભમાં હતાં ત્યારે કેમ મરી ગયા નહીં? શા માટે જન્મ લઇને તમે જગતના દુઃખ દારિદ્ર અને ગુલામીના ભયાનક ચિત્રને તમારા અપમાનભર્યા અને

દુઃખી જીવનથી વધુ ઘેરું બનાવો છો? તમારા જીવનમાં નવેસરથી પ્રાણ ફૂંકી શકતા ન હો તો આ જગતમાંથી વિદાઇ થઇને શા માટે દુઃખનો બોજો ઓછો કરતાં નથી?" આવા ઉગ્ર ભાષણની અસર એમના પર પડવા લાગી અને ગુલામગીરીનો સામનો કરવાની ચાનક ચડવા લાગી. આ સભા પછી સોલાપુરમાં તા.૪ જાન્યુઆરી, ૧૯૨૫માં દલિત વિધ્યાર્થીઓ માટે છાત્રાલય શરુ કર્યું. મુંબઇમાં વાચનાલય શરુ કર્યું. આંબેડકરે ૧૯૨૫મા રત્નાગીરી જિલ્લાના માલવણ ખાતે તીખું તમતમાટ ભાષણ આપ્યું. તેમણે ૧૯૨૭માં સપ્ટેમ્બર મહિનામાં "સમાજ સમતા સંઘ"ની સ્થાપના કરી હતી. જેનો ઉદ્દેશ અસ્પૃશ્યને યજ્ઞોપવિત કરવાનો હતો અને લગ્ન જેવી વિધિમાં બધાએ સાથે જમવું. આંબેડકરને સ્પૃશ્ય હિન્દુઓની દયાનું દાન નહોતું ખપતું તેમને હક જોઇતો હતો. "ઉધ્ધારે દાત્મનાત્માનમ" એ જ તેમણે તેમના આંદોલનનું ધ્યેય બનાવ્યું. પોતાનો આત્મોધ્ધાર પોતે જ કરવાનો છે. તેમણે કહ્યું કે. "ગુલામને તેની ગુલામગીરીનું ભાન કરાવી દો એટલે તે આપોઆપ બંડ કરશે." આમ, તેમણે કહ્યું કે, "આ રથ જે હું અહીં સુધી ખેંચી લાવ્યો છું તેને આગળ વધારી ન શકો તો વાંધો નહીં, પરંતુ તેને પાછો પડવા દેશો નહીં."

## ૮. અસ્પૃશ્યોને મંદિર પ્રવેશ

અસ્પૃશ્યોને મંદિર પ્રવેશ નિષેધ હતો.એક બનાવ મદ્રાસના મેરુગેસન અસ્પૃશ્ય હિન્દુના મંદિર પ્રવેશ મુદ્દે મંદિર અભડવવાના આરોપ બદલ સ્પૃશ્ય સમાજે કેસ ચલાવી તેને સજા ફરમાવવામાં આવી હતી. પ્રત્યક્ષ ભગવાન રામચંદ્રએ અસ્પૃશ્ય હિન્દુઓને મંદિર ખોલવા માટે કહ્યું હોત તો તેમને પણ સનાતનીઓએ દૂર ફેંકી દીધા હોત! રામરાજ્ય આથમ્યાને યુગો વીતી ગયા હતા. આ સત્યાગ્રહ તા.૯ એપ્રિલ, ૧૯૩૦ સુધી ચાલુ જ હતો. રામનવમીના દિવસે શ્રી રામચંદ્રનો રથ નીકળવાનો હતો. સવર્ણ હિન્દુનેતાઓ અને સત્યાગ્રહના નેતાઓ વચ્ચે એવું સમાધાન થયું કે બંને પક્ષે મજબૂત વ્યક્તિઓએ શ્રીરામનો રથ ખેંચવો. પરંતુ આંબેડકરના ચુનંદા અને તાલીમ પામેલા કાર્યકરો રથને સ્પર્શ કરે તે પહેલાં જ સવર્ણ હિન્દુઓએ પહેલા ગુપ્ત રીતે નક્કી કર્યા પ્રમાણે રથ બીજી દિશામાં વાળ્યો. અસ્પૃશ્ય કાર્યકર્તાઓ રથ પાછળ દોડવા લાગ્યા. તેમના પર પથ્થરમારોનો વરસાદ થવા લાગ્યો. પરંતુ સત્યાગ્રહ ચાલુ રહ્યો હતો.

## ૯. જળાશયમાંથી પાણી ભરવા પર પ્રતિરોધ

અસ્પૃશ્યોને તો તળાવનું પાણી પીવાનો અધિકર તો ન હતો કે જળાશયોને અડકવાનો પણ અધિકાર નહતો. ડૉ. બાબાસાહેબે પોતાના અનુયાયીઓને લઈને ચવદાર તળાવ પર કૂચ કરી. ચવદાર તળાવનું પાણી પશુ પક્ષીઓ પીતાં હતાં એટલું જ નહીં, ગૌહત્યા પોતાનો ધર્મ સમજનાર મુસલમાનો અને "બાઈબલમાં જેનો આધાર નથી તે સઘળો અધર્મ એવી શેખી કરનાર" ખ્રિસ્તીઓને પણ સવર્ણ હિન્દુઓ સાથે ચવદાર તળાવનું પાણી પીવાનો અધિકાર હતો. આંબેડકર પોતાના અનુયાયીઓ સાથે ચવદાર પર કૂચ કરી આંબેડકરે ચવદાર તળાવનાં પગથિયા ઉતરીને નીચે ગયા, અને તેઓ નીચે નમ્યા અને તળાવનું એક હથેળીભર પાણી પીધું, ને પ્રચંડ જનસમુદાયે પોતાના નેતાનું અનુકરણ કર્યું. પરંતુ આ સત્યાગ્રહ સફળ થયો ન હતો.

## ૧૦. મિલ મજૂર કામદારોની હડતાલનો વિરોધ

મુંબઈમાં કાપડ મિલોમાં મજૂરોની હડતાલ ચાલતી હતી, જેને કારણે અસ્પૃશ્ય કામદારોની આર્થિક સ્થિતિ એટલી બધી બગડી હતી કે પઠાણો પાસેથી લીધેલાં કરજને લીધે તેઓનું ગળું વધુને વધુ ભીંસાતું જતું હતું. તેમજ મિલોમાં વિશેષ લાભદાયક ખાતાંઓમાં દલિત વર્ગના કામદારો પર અસ્પૃશ્યતાને લીધે પ્રતિબંધ હતો, આ કારણે સામ્યવાદી નેતાઓની પ્રેરણાથી શરૂ થયેલી હડતાળનો આંબેડકરે વિરોધ કર્યો.

## ૧૧. અસ્પૃશ્યોને ચૂંટણીમાં પ્રતિનિધિત્વના અધિકારની માંગણી

દલિતોના અધિકાર માટે આંબેડકર જ્યારે જેહાદ જગાવી રહ્યા હતા ત્યારે હિન્દુસ્તાનમાં અંગ્રેજી શાસન સામે સ્વરાજ્યની માંગણી થઇ રહી હતી. તે માટે લંડનમાં ગોળમેજી પરિષદમાં ડૉ.આંબેડકરને પ્રતિનિધિ તરીકે આમંત્રણ મળેલું. આ પરિષદમાં આંબેડકરે કહ્યું કે, "અસ્પૃશ્ય વર્ગોમાં આવેલા આ આશ્ચર્યનો ફેરફાર માટે બ્રિટિશ શાસનની નીતિ જ જવાબદાર છે, બ્રિટિશ રાજ્ય આવતાં પહેલાં અમારી જે સ્થિતિ હતી, તેમાં જરાં જેટલોય ફરક પડ્યો નથી.

## ૧૨. આંબેડકરને બ્રિટીશસત્તા

પરમેશ્વરના વરદાન જેવી લાગતી કારણ સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુભાવ વિશેના વિચારો અને તે વિશે જાગૃતિ આ સત્તાને લીધે ભારતમાં આવી હતી. આંબેડકરના આ ભાષણથી ઈંગ્લેન્ડના વડાપ્રધાન મૅકડોનાલ્ડ ખૂબ જ આશ્ચર્ય પામ્યા હતા. આંબેડકરનું આ ભાષણ એટલે વક્તૃત્વકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે, એવું "ઈન્ડિયન ડેઈલી મેઈલ" નામના દૈનિક અખબારમાં છપાયું. આથી સયાજીરાવ ગાયકવાડ ખૂબ જ પ્રસન્ન થયેલા. અને તેની ફલશ્રુતિ તરીકે એક જાહેરનામુ પસાર થયું. જેમાં "હિન્દુસ્તાનમાં સર્વ પ્રજાજનો કાયદાની દ્રષ્ટિએ સમાન હોઇ, તે સર્વના નાગરિકોના અધિકારો સમાન છે. દેશના પ્રાંતિક અને મધ્યવર્તી વિધિમંડળમાં અસ્પૃશ્ય વર્ગોને પૂરું પ્રતિનિધિત્વ મેળવવાનો અધિકાર

હોવો જોઈએ અને 'સાર્વત્રિક મતદાન પધ્ધતિ' હોવી જોઈએ. પોતાના માણસોને પ્રતિનિધિ તરીકે ચૂંટવાનો અધિકાર અસ્પૃશ્ય વર્ગોને હોવો જોઈએ.

વિધાનસભામાં અસ્પૃશ્યોને નાગરિકતાનો અધિકાર ન હતો, ગવઈ અને બેળગાવના તપન્ના સાથે જીભાજોડી કરીને અધિકાર મેળવ્યો હતો. આંબેડકરને વકીલ તરીકે પ્રસિધ્ધિ મળતાં ગરીબ અસ્પૃયશ્યો એમની ફરિયાદ લઈને એમને મળવા આવતાં.આ દ્વિવતોના દુઃખ અને ગરીબી જોઈને તેમનું હૃદય કકળી ઉઠતું. બાબાસાહેબ આ ગરીબોનું કામ મોટે ભાગે મફત કરતાં.

**૧૩. સામયિકોનું પ્રદાન**

આંબેડકરે કેટલાંક સામયિકોનું પ્રકાશન કરીને અસ્પૃશ્યોને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે.બાબાસાહેબને જ્યારે એલ્ફિન્સ્ટન કૉલેજના પ્રાધ્યાપકની જગ્યા આપવાની તૈયારી બતાવી ત્યારે તેમણે કહ્યું કે "સ્વજનોના ઉધ્ધાર માટે મારું જીવન વ્યયીત કરવાનો મારો નિર્ધાર છે અડગ છે, જેનાથી મારી સેવા અને કાર્યમાં અવરોધ ઉભો થાય તેવું બંધન હું ક્યારેય સ્વીકારવાનો નથી." આમ, પોતાના સમાજના ઉત્કર્ષ માટે નોકરી સ્વીકારી નહીં. તેમણે અસ્પૃશ્યોને જાગૃત કરવા "બહિષ્કૃત ભારત" અને "મૂકસેવક" પાક્ષિક શરુ કર્યું હતું.

**૧૪. ઉપસંહાર**

ડૉ. બાબાસાહેબ આંબેડકર પોતાનું સમગ્ર જીવન સંઘર્ષોને પાર કરતા કરતા સમાજને ઉત્કૃષ્ટ બનાવવા માટે પ્રયત્ન કર્યા છે. અને હવે સમય આવ્યો છે તેમણે ઉઠાવેલાં જહેમતોની ગણના [2:20 PM, 7/18/2022] Dr Nilesh Gajjar: કરવાનો. આપણે સૌ તમામ સમાજને એક ગૌરવભર્યા દ્રષ્ટિકોણથી જોઈશું. દરેકને એક સમાન અધિકાર પ્રાપ્ત થાય તે માટે પ્રતિબધ્ધ રહીશું.

આંબેડકરની પુણ્યતિથિ પર શ્રી નરેન્દ્રમોદીએ કહ્યું હતું કે, "ડો.આંબેડકરે જેની હિમાયત કરી હતી તેવા સામાજીક ન્યાયના આદર્શો તથા મૂલ્યો તેમજ. સર્વસમાનતાનો ભાવ ડો.બાબાસાહેબ આંબેડકરના દિલની સૌથી વધુ નજીક હતો. આઝાદીના આટલા વર્ષો બાદ પણ શું આજે આપણે સમાજના વંચિત વર્ગના લોકોને ન્યાય મળી શક્યો છે ? સુનિશ્ચિત રીતે સામાજિક, રાજકીય અને આર્થિક ન્યાય પ્રદાન કરી શક્યા છીએ? આ મામલે હજું ઘણું કરવાનું બાકી છે.

**સંદર્ભ સૂચિ**

1. કર્ણિક, દેવેન્દ્રનાથ અને મુળજીભાઈ વી.ખુમાણ (અનુવાદક), ૧૯૯૩, મૂળ લેખકઃ પદ્મભૂષણ
2. કીર, ધનજય 'ડૉ.આંબેડકરઃજીવન અને કાર્ય', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ નરેન્દ્રમોદી,(૨૦૧૫),at: http://gujarati.oneindia.com/news/gujarat/narendra-modi-remembering-dr-ambedkar-on-his-death-anniversary-014376.html વાંચ્યા તા.૨૩-૦૩-૧૬
3. ભટ્ટ, કાંતિ file:///H:/baba/368134119973670%20(1).htm વાંચ્યા તારીખ - 21-03-16
4. ભાવે, સંજય શ્રીપદ(૨૦૧૪).file:///H:/baba/e-Paper%20preview.html વાંચ્યા તારીખ:૨૧-૦૩-૧૬
5. સ્વામી, સચ્ચિદાનંદ http://www.sachchidanandjiblog.org/2011/04/dr-ambedkar-ane-dalito/વાંચ્યા તારીખ-૨૩-૦૩-૧૬